
# પૂજ્ય શ્રી સોગાનીજીની ૧૦૯મી જન્મજયંતી પ્રસંગે કોટી કોટી વંદન!



'સોગાની' કા પુસ્તક હૈ... 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'! (ઉનમેં) બહુત શક્તિ થી. આત્મજ્ઞાન હુઆ થા. યહીં... ઈસી ગાંવમેં...! પહલે સાધુ-બાવાકા બહુત પરિચય કિયા થા. યમ, નિયમ, ધ્યાન... (સબ કિયા થા). ફિર યહાં આયે (તો હમને) ઈતના કહા 'ભૈયા! યે વિકલ્પ ઊઠતા હૈ ન! રાગ! ચાહે તો દયા, દાનકા હો! યે સબ રાગસે અંદર પ્રભુ ભિન્ન હૈ!' ઐસા કહા ઔર ધ્યાનમેં ચલે ગયે. યહાં રસોઈ હૈ ન રસોઈ? (સમિતિ)! સમિતિમેં ગયે ઔર શામ સે સબેરે તક ધ્યાનમેં બૈઠે! અંદરમેં ઘોલન કરતે... કરતે... કરતે... રાગસે ભિન્ન ચૈતન્યકા અનુભવ યહાં સમિતિમેં હુઆ થા. બાદમેં સારી જિંદગી બહુત અચ્છે સંસ્કાર લેકર સ્વર્ગમેં ચલે ગયે! આહા..હા...! બહુત શક્તિ થી! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' હૈ ન! ઉસમેં બહુત હૈ! ...વહાંસે નિકલકર બાદમેં દૂસરે ભવમેં કેવલજ્ઞાન પાકર મોક્ષ હો જાયેગા! ...વહાં સ્વર્ગમેં ભી આત્મામેં ઠરતે હૈં. પરંતુ થોડા રાગ હૈ તો મનુષ્યભવ પાકર, કેવલજ્ઞાન પાકર, રાગકા નાશ હોકર મુક્તિ હોગી!! —પૂજ્ય ગુરુદેવશ્રી

(શ્રી 'સમયસાર કળશ ટીકા' કળશ-૨૧૬ના પ્રવચનમાંથી, સળંગ પ્રવચન નં. ૨૪૧)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૬ : અંક-૨૬૯, વર્ષ-૨૪, મે-૨૦૨૦

## અષાઢ વદ ૪, બુધવાર, તા.૬-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૭૫ પ્રવચન-૨૭

'પોતે જ જિન છે...' પરમાત્મસ્વરૂપ પોતે છે **'એ અનુભવ મોક્ષનો ઉપાય છે.'** જુઓ!

**जो जिण सो हउँ सो जि हउँ एहउ भाउ णिभंतु।**
**मोक्खहँ कारण जोइया अण्णु ण तंतु ण मंतु।।७५।।**


૭૫ ગાથા. **'જે જિનેન્દ્ર પરમાત્મા છે તે હું છું...'** જે પૂર્ણાનંદ વીતરાગ દશા પ્રાપ્ત થઈ, જેને આત્માની શક્તિની પૂર્ણ વિકાસ પરમ દશા થઈ તેવા પરમાત્મા તે હું છું. કારણ કે હું પોતે જ પરમાત્મા થવાને લાયક છું. એક પીપરની ચોસઠ પહોરી પ્રગટ થઈ ગઈ અને એક પીપર ચોસઠ પહોરી તાકાત રાખે છે. એ તો જડ છે એટલે એને ખબર નથી. એમ એકને પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ અને આ પૂર્ણ દશા પ્રગટ થવાની તાકાત રાખે છે. હું એના જેવો છું.

જેવા વીતરાગ પરમેશ્વર, જેણે આત્મામાંથી રાગ-દ્વેષ નાશ કર્યા, અલ્પજ્ઞપણું નાશ કર્યું, સર્વજ્ઞ ને વીતરાગ દશા જેની પ્રગટ થઈ એવો જ હું આત્મા છું, એની જાતમાં અને મારી જાતમાં કાંઈ ફેર નથી. સમજાણું કાંઈ? હેઠે ઘઉંનો દાખલો આપશે. **'જેમ હજાર ઘઉંના દાણા સમાન આકાર અને ગુણોવાળા હોય તે બધા સમાન છે તો પણ બધા દાણા જુદા જુદા છે.'** ઘઉંના હજાર દાણા છે ને? દરેક દાણાનો આકાર સરખો, લોટ સરખો, ભાવ સરખો છતાં વસ્તુ જુદી છે. એમ દરેક આત્માનો ભાવ—સ્વભાવ સરખો, છતાં વસ્તુ જુદી છે, વસ્તુ એક છે નહિ. સમજાણું કાંઈ?

જે ભગવાન પરમાત્મા દશાએ પ્રાપ્ત થયા એ દશાનો ધરનાર શક્તિવાન તે હું પોતે જ જિનેન્દ્ર છું. આહાહા..! 'તે હું છું...' અને જરીક બીજી ભાષા છે. 'તે જ હું છું...' એમ બે છે. તે જ હું છું, એમ. તે જ હું છું, જોર આપ્યું છે. તે જ હું છું, એમ વધારે જોર આપ્યું છે. પૂર્ણ દશા જેને પ્રગટ થઈ, આત્મા થઈને અંતર શક્તિની વ્યક્તતા પ્રગટ કરી, તલમાંથી તેલ કાઢીને જેમ ગાડવામાં ચોખ્ખું પડ્યું છે, એવું જ તેલ તલમાં પડ્યું છે. એમ જેણે પરમાત્મશક્તિ અંદર હતી એને અનુભવદૃષ્ટિ એકાકાર થઈને પ્રગટ કરી છે એવો જ હું છું. એમ અંતરમાં દૃષ્ટિએ આત્માનો સ્વીકાર કરવો એ સુખને પામવાનો સરળ, સીધો રસ્તો છે.

'શશીભાઈ'! આ હાથ આવે નહિ, સાંભળવા

મળે નહિ. આ ને આ કરો. પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ વર્ષ ચાલ્યા ગયા, કેટલાકને સીત્તેર (પૂરા થયા). આ શું છે એને સાંભળવા ન મળે. આ કરો ને આ મૂકો ને આ લો ને આ દ્યો, સેવા કરો ને કરુણા કરો, ધૂળ કરો ને આ કરો. કોણ કરતું હતું? ધૂળ! પરની સેવા કોણ કરે? શરીરમાં રોગ આવે તો મૂકી શકતો નથી. બાયડીને રોગ થાય તો મૂકાવાનો ઘણો ભાવ છે, ડૉક્ટર બહુ હોશિયાર હોય, પોતાને રોગ થાય તો મૂકી શકતો નથી, એ તો જડની અવસ્થા છે. જડને તું કરી શકે છો? વ્હાલી સ્ત્રી મરતી હોય, પોતાની ચાલીસ વર્ષની ઉંમર (હોય) અને પેલીની પાંત્રીસ વર્ષની (હોય), હાય.. હાય.. હવે શું કરવું? બીજી (પત્ની) થાય નહિ. આ છોકરા જુવાનિયા પરણવા દેશે નહિ. જીવાડવાનો ઘણો ભાવ હોય, મરી જાય. તારો ભાવ ન્યાં શું કાર્યગત થાય? એની દશા, એના શરીરની જે પ્રકારે થવાની એને તું શું કરી શકે? સમજાણું કાંઈ? પણ માળાને અભિમાન (એવા કે) બીજાના કરી દઈએ, આમ કરી દઈએ, આમ કરી દઈએ. અત્યારે તો બહુ હોય છે ને? સુધારો કરી દઈએ. ધૂળેય કરતો નથી, સાંભળને!



અહીં તો કહે છે કે, જે વીતરાગ પરમેશ્વર પૂર્ણાનંદના નાથ, જેને પ્રગટ દશા થઈ તે હું છું. તે હું એવો જ, એવડો જ, એટલો જ હું વસ્તુએ છું એમ દૃષ્ટિમાં સ્વીકાર આવ્યા વિના પૂર્ણ તત્ત્વનો સ્વીકાર સાચો હોઈ શકે નહિ. 'તે જ હું છું...' જોર (આપ્યું) છે. તે જ હું છું. તે જ, તે જ છું. તે જ છું. એવી શક્તિ જેને પ્રગટ થઈ એવો હું છું. સમજાણું કાંઈ? પીપરનો દરેક દાણો સરખો છે. શક્તિએ, સત્ત્વે, સ્વભાવે, પૂર્ણે અંદરમાં સરખો છે. એમ દરેક આત્મા શક્તિએ, સ્વભાવે સરખા છે. દશામાં ફેર છે. તો દશા ફેર ટાળીને જે પૂર્ણ દશા પ્રગટ કરી, અંતરના અવલંબન દ્વારા, એ જ હું છું. એવો થવાને હું લાયક છું એનો અર્થ જ કે, તે હું છું. 'ટોડરમલે' કીધું ને? શક્તિથી થવાનો લાયક છું. પણ અહીં તો કહે છે, હું ઈ છું. ઈ છું, અહીં અત્યારે છું.

શુદ્ધ, શુદ્ધ પરમાનંદની મૂર્તિ, બરફની જેમ શીતળ શિલા હોય, શીતળ શિલા બરફની હોય એ બરફને કોઈ ખૂણેખાંચરે, મધ્યમાં કોઈ દિ' ગરમી ન હોય. એમ ભગવાનઆત્મા અવિકારી ચૈતન્યનો પિંડ, એમાં ક્યાંય કષાય, રાગ-દ્વેષ નથી એવી વીતરાગી શાંતરસની શિલા આત્મા છે. ભગવાન જાણે પોતે કેવો હશે? સમજાણું કાંઈ? શાંત.. શાંત... શાંત.. પુણ્ય-પાપના શુભ-અશુભના વિકલ્પો એ અશાંતિ, દુઃખ છે. એના મૂળ સ્વરૂપમાં એ નથી. શાંત.. શાંતિની બરફની શિલા જેમ પડી હોય, એમ ભગવાન દેહથી ભિન્ન અરૂપી ચિદ્દ્ઘન અનંત શાંતિના રસના કંદથી વ્યાપક તત્ત્વ આખું ભગવાનઆત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'एहउ णिभंतु भाउ' 'એવી જ શંકારહિત ભાવના કરો.'** એનો અર્થ છે. **'एहउ णिभंतु भाउ'** એની ભાવના નિર્ભ્રાંત કર, ભ્રાંતિ ન કર. અરે...! પૂર્ણ પરમેશ્વર જિનેન્દ્ર થયા એનાથી હું જુદી જાત હોઈશ? જાત જુદી, વસ્તુ તો એની એ છે. તારી દશામાં તેં પ્રગટ કરી નથી, એણે પ્રગટ કરી છે

તો શક્તિએ તો બધા તત્ત્વ સરખા જ છે. એમ હું તે આત્મા પરમેશ્વર છું અને પરમેશ્વર તે જ હું છું. આહાહા! આ તે કઈ દૃષ્ટિના જોરે એ સ્વીકાર કરે?

આ જ્ઞાન.. આ જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. એ જાણવું.. જાણવા.. જાણવાની શક્તિની બેહદતા, અચિંત્યતા, અમાપતા તે હું. એ જ્ઞાનની સાથે રહેલો આનંદ પણ સાથે છે. એ અતીન્દ્રિય આનંદ, બેહદ આનંદ, પૂર્ણ આનંદ તે હું. એવી વસ્તુની દૃષ્ટિનો સ્વીકાર થતાં તેની પર્યાયમાં એટલે દશામાં સત્યનો સ્વીકાર થતાં સત્ય દશા પ્રગટ થાય તેને ધર્મ કહેવામાં આવે છે. આહાહા...! ભારે વ્યાખ્યા ભાઈ ધર્મની. એને અહિંસા કહેવામાં આવે છે. એટલે કે જે આત્માનો પૂર્ણ જ્ઞાન, આનંદાદિ સ્વભાવ છે એવો અસ્વીકાર અને રાગ-દ્વેષનો જેટલો સ્વીકાર, એનું નામ પોતાના પૂર્ણ સ્વભાવનો અનાદર એ એની હિંસા છે. સમજાય છે કાંઈ? અરે...! હિંસા, અહિંસાની આ વળી કેવી વ્યાખ્યા?

પોતે ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુ, જેની પીપરમાં ચોસઠ પહોરી તીખાશ અને લીલાશ ભરી છે એની ના પાડે તો એ એનું ખૂન કરે છે. અસ્તિની નાસ્તિ કરે છે. એમ ભગવાન આત્મામાં પૂર્ણ શાંત, આનંદકંદ, જ્ઞાનાનંદ પૂર્ણ ધ્રુવ છે એનો નકાર કરે, તેની નાસ્તિ કરે, નાસ્તિ કરે એનો અર્થ કે એની હિંસા કરે છે. પરની હિંસા કોણ કરી શકતો હતો? ધૂળ. ઈ તો એની દશા થવાની હોય ત્યારે થાય. પરની દયા પણ કોણ પાળી શકતો હતો? ભાવ કરે. ભાવ કરે એટલે ન્યાં પરની દયા પળાય જાય? તો તો મરે શું કરવા કોઈ? ડૉક્ટર મરવા શું કરવા દ્યે? ડૉક્ટર પોતે શું કરવા મરે?

'શશીભાઈ'! તમારા ઓલા ડૉક્ટર હતા કે નહિ? વૈદ્ય. સર.. સર... શું કહેવાય ઈ? સર્જન. કો'કનું ઑપરેશન કરતા હતા. અહીં આવ્યા હતા, ત્રણ-ચાર વાર આવી ગયા છે. સર્જન, 'ભાવનગર'. કો'કનું (ઑપરેશન) કરતા હતા ત્યાં (કહે), 'મને કાંઈક થાય છે.' ઊડી ગયા! પોતે ગયા. 'ભાવનગર'માં ઈસ્પિતાલમાં પોતે ગુજરી ગયા. સાંભળ્યું ને? ભાઈ! અહીં આવ્યા હતા, બે-ચાર આવ્યા હતા. એક વાર દાઢ માટે આવ્યા હતા. એક વાર 'જિથરી'માં કાંઈક હતું ને આવ્યા હતા. લ્યો, પોતે બીજાનું ઑપરેશન કરવા ગયા હતા. (ત્યાં કહે), 'મને કાંઈક થાય છે.' ખલાસ થઈ ગયા. એ તો દેહની સ્થિતિ રાખે કોણ? જે મુદ્દત એ સંયોગની છે તેટલી ત્યાં રહેવાની. ફેરફાર ઈન્દ્ર, નરેન્દ્ર કોઈ કરવા સમર્થ છે નહિ. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, જેનો સંગ જ કોઈને નથી એવા અસંગ તત્ત્વની દૃષ્ટિ કર, એમાં સુખી થવાના રાહ છે, કહે છે. સમજાણું કાંઈ? એ તું કરી શકે છો. સમજાણું?

'હે યોગી!' શું કહે છે? '**એવી જ શંકારહિત ભાવના કરો.**' '**एहउ णिभंतु भाउ**' આ તો એકલા સિદ્ધાંત પડ્યા છે ને! મોટા સિદ્ધાંતો છે. જેમ ચાર પૈસે શેર તો મણની અઢી. કૂંચીઓ (છે). પછી કૂંચીના ખુલાસા ગમે તેટલા કરો, સાડા સાત આના ને સાડા આઠ આના.. એમ આ તો એકલા સિદ્ધાંતો, તત્ત્વ છે. '**जो जिण सो हउँ सो जि हउँ एहउ भाउ णिभंतु**' ભ્રાંતિ છોડીને નિર્ભ્રાંતપણે એમ ભાવના કર. આહાહા..! એ તે ભાવનામાં કેટલું જોર છે! એની પુરુષાર્થની ઉગ્રતા કેટલી છે! કોઈ કહે કે, એમાં શું? પણ એમાં પુરુષાર્થની ઉગ્રતા (છે). અલ્પજ્ઞ અને રાગ-દ્વેષ હોવા છતાં હું પૂર્ણાનંદ છું, અખંડ અભેદ છું એવી દૃષ્ટિમાં પુરુષાર્થમાં આવો સ્વીકાર (આવ્યો) એ પુરુષાર્થની ઉગ્રતા કેટલી! એ શ્રદ્ધામાં જોર કેટલું! અને એના જ્ઞાનમાં જોર કેટલું કે હું આવો પરિપૂર્ણ

છું!! એ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ ત્રણેમાં જોર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : જોર કરવાનો ઉપાય શું?

ઉત્તર : આ શું કહેવાય છે? એમાં—અંદરમાં જોર કરવું એ જોર લાવવાનો ઉપાય. આંગળા નાખવા છે ન્યાં? ઈ જોર, આવો (છું) ઈ જોર કોણ લાવે? હું અલ્પજ્ઞ છું, રાગી છું, આવો છું એવી જે માન્યતા, એ માન્યતામાં આ હું પરિપૂર્ણ છું એ માન્યતાનું જોર લાવે કોણ? કરનાર લાવે. બીજો કોણ લાવે? કહો, સમજાણું કાંઈ? આહાહા..! દુનિયામાં પણ કહે છે, જણનારીમાં જોર ન હોય તો સુવાવડી શું કરે? સુયાણી. એમ એનામાં પરિપૂર્ણને પ્રતીત કરવાનું જોર ન હોય (તો) કરાવી કોણ દ્યે? કહો, સમજાણું આમાં? આહા...! એને અનંતકાળ થયો, ચોર્યાશીના અવતારમાં એના થોથા ઊડી ગયા. આદિ વિનાનો કાળ. આદિ છે? અનાદિનો આત્મા છે. નવો થાય છે? (તો) રહ્યો ક્યાં? રહ્યો ક્યાં? હોય તે જાય નહિ અને ન હોય તે થાય નહિ. હોય તે જાય? હોય તેનું રૂપાંતર થાય. રૂપાંતર થાય, રહીને રૂપાંતર થાય, પણ જઈને અભાવ થાય એમ કોઈ દિ' હોઈ શકે નહિ. અને ન હોય તે નવી ચીજ થાય (એમ બને નહિ). સસલાના શીંગડા જગતમાં નથી. કોઈ દિ' થયા, એમ બનશે નહિ. ભગવાન આત્મા અનાદિનો છે. સમજાણું કાંઈ? એનામાં આનંદાદિ ગુણની શક્તિ અનાદિની પડી છે. પ્રતીતમાં નથી, ભરોસો આવતો નથી. અરે! હું આવો? કહે છે કે, નિર્ભ્રાંત થઈને ભાવના કર. ભ્રાંતિ છોડી દે. આહાહા..!

અરે..! હું પરિપૂર્ણ પ્રભુ છું ને! મારા સ્વભાવમાં તો પરિપૂર્ણતા (ભરી છે). વસ્તુ જેને કહીએ અને વસ્તુનો વસેલો અંદર સ્વભાવ જો કહીએ, વસ્તુ છે ને? પદાર્થ છે ને? એમાં વસેલી શક્તિઓ (છે), વસ્તુ એટલે એમાં વસેલી શક્તિઓ, તો ભગવાન આત્મા વસ્તુમાં વસેલી, રહેલી શક્તિઓ એટલે જ્ઞાન, આનંદ ગુણોના શક્તિના સ્વભાવમાં અપરિમિતતા હોય. એમાં મિતતા—મર્યાદા કેમ હોય? એવો જેનો અપરિમિત જ્ઞાન, આનંદાદિ પૂર્ણ સ્વભાવ (છે), તે જ હું છું. ભગવાન હું છું. આહાહા..!

'જિન તે જિનવર અને જિનવર તે જિન.' જિનવર કોઈ સંપ્રદાયનો શબ્દ નથી, ગુણવાચક છે. રાગ અને વિકારનો અભાવ થઈ એના સ્થાનમાં અંતરમાં વીતરાગતા, નિર્દોષતા જે પડી છે એ પ્રગટ કરીને અરાગી દશાની પરિપૂર્ણતા થવી એને આત્માની વીતરાગ દશા કહે છે. એ આત્માના ગુણવાચક નામ છે, સંપ્રદાયવાચક નથી. સમજાણું કાંઈ?

'હે યોગી!' સંબોધન કર્યું છે, હોં! એલા તું કાંઈક ઠરવા તો માગે છે કે નહિ? કહે છે. આમ જોડાવું (થાય) છે ને? રાગ ને દ્વેષ ને પુણ્ય ને વિકલ્પ આ.. આ.. આ.. આ.. એમાં તો તારું જોડાણ છે. એ પણ એક અજ્ઞાનનો યોગ છે. પર ઉપર યોગ—સંબંધ કર્યો. આમ કરને હવે, સુખી થવું હોય તો આમ જોડાણ કરને! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ બિરાજે છે. એમાં જોડાણ (કર). યોગ.. યોગ એટલે યુજ—જોડાવું જોડાવું. શ્રદ્ધા, જ્ઞાનથી કબુલાત લાવવી એ આત્માના સ્વભાવમાં જોડાણને યોગ કહે છે. એ યોગને યોગી કહે છે. એ યોગીને આ યોગનો સાર—ધર્મ કહેવામાં આવે છે. ઓલા યોગી આમ આમ બેસી જાય, એમ યોગી નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્માના પૂર્ણ સ્વભાવમાં જેણે પોતાની દૃષ્ટિ અને જ્ઞાનની વર્તમાન કળા એમાં જોડી, એને યોગી કહીએ. એ યોગીનો એ વેપાર, તેને યોગ કહીએ. એ યોગને ધર્મ કહીએ. આ કઈ જાતની વાત! 'શશીભાઈ'! આ તે ક્યાંની (વાત) હશે? લોજીકથી—ન્યાયથી બેસે એવી વાત છે પણ કોઈ દિ' પાનું ઉખડ્યું નથી ને! પાનું કોઈ દિ' જોયું નથી

કે ક્યાં માલ છે મારો? મારો બાપ શેમાં મૂકી ગયો છે? સમજાણું કાંઈ? અનંતકાળ આમ ને આમ આત્માના ભાન વિના રખડ્યો. સાધુ થયો, ત્યાગી થયો, મરી ગયો સૂકાઈને પણ એની જાતની પરિપૂર્ણતાની દૃષ્ટિના સ્વીકાર વિના જન્મ-મરણના અંત કોઈ દિ' આવે નહિ. મરી જાય નહિ, બાવો થઈને, જોગી થઈને. બાયડી, છોકરા ક્યાં અંદરમાં ગરી ગયા હતા? એ તો બિચારા બહાર પડ્યા છે. આ મેં છોડ્યા એનું એને અભિમાન છે.

ભગવાન આત્મા એક સમયમાં, સેકંડના નાનામાં નાના કાળમાં પરિપૂર્ણ પ્રભુ છે એવો દૃષ્ટિમાં સ્વીકાર ન આવે ત્યાં સુધી પરિપૂર્ણની સત્યતાનો સ્વીકાર નથી ત્યાં સુધી અસત્યનો સ્વીકાર (છે) તે મિથ્યાદૃષ્ટિ છે. અસત્ય કહો કે મિથ્યા કહો, સત્ય કહો કે સમ્યક્ કહો. સમજાણું કાંઈ? આહાહા..!

**'મોક્ષનો ઉપાય એ જ છે અન્ય કોઈ તંત્ર કે અન્ય કોઈ મંત્ર નથી.'** કોઈ મંત્ર ગણવાથી થાતું હશે? ૐ.. ૐ.. ૐ.. ૐ.. ૐ.. હવે ૐ.. ૐ.. લાખ વાર કર, ક્રોડ વાર કર. એ પણ વિકલ્પ છે. એ.. 'શશીભાઈ'! એ તો રાગ છે, એ ક્યાં આત્માનો ધર્મ હતો? તંત્ર, મંત્ર હશે કે નહિ? માદળિયુ-બાદળિયુ બાંધી દે ને ફલાણું થઈ જાય. દોરો બાંધી દે, જા તારો મોક્ષ થઈ જશે. એવું કાંઈ હશે કે નહિ? ધૂળમાંય ક્યાંય નથી, સાંભળને! 'ફૂલચંદભાઈ'! **'जो जिण सो हउँ सो जि हउँ एहउ भाउ णिभंतु मोक्खहँ कारण जोइया'** પૂર્ણાનંદની દશારૂપી મોક્ષ. મોક્ષનો અર્થ ઈ. પૂર્ણાનંદની પ્રાપ્તિ તેનું નામ મોક્ષ. એવા મોક્ષના કારણરૂપ હે યોગી! **'अण्णु ण तंतु ण मंतु'** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એનો અંતર દૃષ્ટિ અને જ્ઞાનમાં સ્વીકાર કરીને એકાકાર થવું એ જ આત્માને પૂર્ણ શુદ્ધતારૂપી આનંદ અને પૂર્ણ આનંદની દશાની પ્રગટતારૂપી મોક્ષ, એનું કારણ આ એક જ છે. બીજા કોઈ વિકલ્પ ને દયા, દાન, ભક્તિ, પૂજા-ફૂજા, જાત્રા-ફાત્રા એ મોક્ષનું કારણ છે નહિ. કહો, સમજાણું આમાં? હેં?

મુમુક્ષુ : આ ન સૂઝે એનું કારણ શું?

ઉત્તર : સૂઝે. ન સૂઝે એમ કેમ? ઠરી શકે નહિ તો ત્યાં સુધી એને શુભભાવ હોય. દયા, દાન, ભક્તિ, પૂજાનો ભાવ હોય છે પણ એ ભાવ હોય છે એ અંદરની સ્થિરતાનું કારણ નથી અને અંદરની શાંતિનું કારણ નથી. સમજાણું કાંઈ?

**'મોક્ષનો ઉપાય એ જ છે કે પોતાના આત્માને નિશ્ચયનયથી જેવો છે તેવો સમજો.'** લ્યો! જેવો ભગવાન ત્રિકાળી છે એવો એના જ્ઞાનમાં લ્યે, શ્રદ્ધામાં લ્યે, અંદર સ્થિરતા કરે એ જ આત્માને પૂર્ણ શુદ્ધિરૂપી મુક્તદશા, એનો આ એક જ ઉપાય છે. **'જેવો છે તેવો...'** જેવો પૂર્ણ છે, એમ. વસ્તુ જ્ઞાને, આનંદે, શાંતિએ, સ્વચ્છતાએ, પ્રભુતાએ, પરમેશ્વરતાએ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એ બધી શક્તિઓ અંદર આત્મામાં પૂર્ણ પડી છે. શુદ્ધરૂપે પરિપૂર્ણ પ્રભુમાં પડી છે. સમજાણું કાંઈ? એવા સ્વભાવને જેવો છે તેવો સમજે.

**'મૂળ સ્વભાવે આ આત્મા સ્વયં જિનેન્દ્ર પરમાત્મા છે. કર્મરહિત આત્માને જિનેન્દ્ર કહે છે. પોતાનો આત્મા નિશ્ચયથી દ્રવ્યકર્મ,...'** જડકર્મ, પુણ્ય-પાપના **'ભાવકર્મ અને નોકર્મ..'** શરીર, વાણીથી **'રહિત છે. વ્યવહારનયથી અથવા પર્યાયની દૃષ્ટિએ..'** અશુદ્ધ દેખાય છે. **'શુદ્ધ થવાની શક્તિ ધરાવે છે.'** છતાં અવસ્થા—વર્તમાન હાલતથી દેખીએ તો વિકાર દેખાય છે, વસ્તુથી દેખીએ તો પરમાત્મ થવાની શક્તિ કાયમ રાખે છે. કારણ સમયસાર કીધું.

**'આત્મા અને પરમાત્મા સમાન છે.'** આત્મા અને પરમાત્મા બધી રીતે સમાન છે. ભગવાન

પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ અને આ આત્મા સરખા છે. કેવળ સત્તાની અપેક્ષાએ ભિન્નતા છે. એની સત્તા-હોવાપણું ભિન્ન છે, આનું સત્તાપણું ભિન્ન છે. **'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ જે એક આત્માના છે તે જ બીજા આત્માના છે.'** ભગવાન આત્મા જેવી પોતાની વસ્તુ, પોતાની પહોળાઈ, પોતાની દશા અને પોતાનો ભાવ એ રૂપે પોતે છે, એ રીતે બધા આત્માઓ છે. **'સર્વ આત્માઓના ચતુષ્ટય સમાન છે, સદૃશ છે પણ એક નથી એક સમાન છે.'** બધા એક નહિ, એક સમાન. આહાહા..! (ઘઉંના) દાણાનો દાખલો આપ્યો ને?

(પોતાના આત્માને) **'પરમાત્મા રૂપ દેખવો અને અનુભવવો તે જ વીતરાગભાવની પ્રાપ્તિનો ઉપાય છે.'** નિશ્ચયથી પોતાના આત્માને પૂર્ણ સ્વરૂપે દેખવો, શ્રદ્ધવો અને ઠરવું એ જ અનુભવ કરવો, એ જ પૂર્ણાનંદની પ્રાપ્તિનો ઉપાય છે. જેટલા પ્રમાણે અંતરમાં રાગરહિત શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટે એટલા પ્રમાણમાં ધર્મ. એ સિવાય જેટલો રાગાદિ રહે એટલો અધર્મ. પૂર્ણ પૂર્ણ પ્રભુ, એની એકાગ્રતા થઈને જેટલી રાગરહિત દશા પ્રગટ થાય એટલો ધર્મ. વિકલ્પ બાકી રહે એટલો ધર્મથી વિરુદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ?

**'વાસ્તવમાં જે કોઈ અરિહંત અને સિદ્ધ પરમાત્માને બરાબર ઓળખે છે...'** એ 'પ્રવચનસાર'નો દાખલો આપે છે. ખરેખર કોઈ અરિહંત, સિદ્ધ પરમાત્મા જે થયા એને જે એના દ્રવ્ય-ગુણને. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે એની શક્તિ, અવસ્થા એટલે પ્રગટ દશા. વસ્તુ, વસ્તુ એની શક્તિઓ એટલે ગુણસ્વભાવ અને એની વર્તમાન હાલત—પ્રગટ દશા. એ પૂર્ણાનંદ પરમાત્માને આ ત્રણથી જે જાણે, એવો હું આત્મા છું એમ એને જાણવાનો પ્રયત્ન થાય. ત્યારે તેને સમ્યક્—સત્યદર્શન, આત્મા પ્રગટ થાય. સમજાય છે કાંઈ? **'એ કાર્ય ખાસ કરવા યોગ્ય માનવામાં આવ્યું છે.'** જોયું? હવે કાર્ય લીધું. **'એ જ સ્વાનુભવની કળા છે.'** એ જ સ્વાનુભવની કળા છે. આત્મામાં એકાકાર દૃષ્ટિ કરવી, શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો, એ જ કળા, **'એ જ તંત્ર છે, એ જ મંત્ર છે, બીજા કોઈ મંત્ર (તંત્ર) નથી, જેનાથી આત્મા મુક્તિ પ્રાપ્ત કરી શકે.'**

અહીં ખાનગીમાં કેટલાક આવે છે, 'મહારાજ! એવો કોઈ મંત્ર આપો કે (જેથી) મોક્ષ થાય.' 'એવો મંત્ર-ફંત્ર નથી, સાંભળ!' મહારાજ કાંઈક જાપ કરતા હશે (એટલે હું પણ કરું). જાપ-બાપ નથી, આ ભગવાનને ઓળખવો એ જાપ છે. એની કિંમત આવતાં એને રાગ-દ્વેષ ને પૈસા ને પરના ઇન્દ્રિયના વિષયના સુખની ભોગની કિંમત ઊડી જાય. અતીન્દ્રિય આનંદના સુખની કિંમત દૃષ્ટિમાં આવતા ઇન્દ્રિયના વિષયના સુખ અને એના કારણ પુણ્ય અને એના ફળ બાહ્ય (સંયોગો), બધાની કિંમત ઊડી જાય, ફટ દઈને...! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ, એની અંતરમાં કિંમતની કિંમત કરતાં, કિંમતીની કિંમત કરતાં, એવી કિંમતી ચીજની કિંમત દૃષ્ટિમાં કરતાં એને ઇન્દ્રિયવિષયમાં સુખબુદ્ધિ છૂટી જાય. મારામાં આનંદ છે, ઇન્દ્રિયના વિષયમાં ધૂળ છે. (એમ) સુખબુદ્ધિ ઊડી જાય. સમજાય છે કાંઈ? અને ઇન્દ્રિય વિષયના કારણરૂપ પુણ્યભાવ થાય એમાં પણ સુખબુદ્ધિ ઊડી જાય. આ પુણ્યથી બંધન થાય, એ પુણ્યની પણ સુખબુદ્ધિ ઊડી જાય. આહાહા..! એની રીત એને પકડતા આવડતી નથી. પહેલી તો સાંભળવા મળતી નથી તો બિચારો ક્યાં જાય? જે પંથે ચાલ્યો, એમ ને એમ ચાલ્યો જાય.

જિંદગી પૂરી થઈને મરીને જાય, જ્યાંથી આવ્યો હોય ત્યાંને ત્યાં (જાય). ચોર્યાશીની ઘાણીમાં (જાય). ચોરાશીની મોટી ખાણ પડી છે. આહા..!

ઓલો મરી ગયો, નહિ? 'નવનીતભાઈ'નો છોકરો. 'કાશ્મિર'. 'નવનીતભાઈ' ગૃહસ્થ માણસ. સાંઈઠ-સીત્તેર લાખ, કરોડપતિ હશે. અઢી કરોડના તો એને કારખાના છે. એને બે છોકરા. એમાં એક છોકરો ઘોડા ઉપર બેસી આમ ક્યાંક જાતો હતો. એમાં રસ્તો ટૂંકો હશે. એમાં ઘોડો લપટ્યો, છોકરો માથે બેઠો હતો (એ પણ) લપટ્યો. હેઠે ખાણ..! એવી ખાણ.. થઈ રહ્યું મૂકીને ચાલ્યો ગયો. છોકરો અને ઘોડો બેય હેઠે (ગયા). ખાણ તે એવી ખાણ કે ક્યાંય કોઈ માણસ જવાનો રસ્તો કાંઈ ન મળે. જઈ શકાય જ નહિ. થઈ રહ્યું.. આમ પડતાં (પડતાં) ગયા. થઈ રહ્યું, ખલાસ! ચાલો મૂકીને! એ ઘોડો અને છોકરો બેય (ગયા). આ 'નવનીતભાઈ' આપણા પ્રમુખ છે ને! અહીં મકાન કરાવે છે ને? સમજાણું કાંઈ? આ ચોરાશીની ખાણ છે, કહે છે. જો અહીંથી લટક્યો... આહાહા..! એ અવસર કેવો હશે? ગૃહસ્થ માણસ, એનો દીકરો ઘોડે બેસીને (જાય). આમ જરી પગ લટક્યો. ચારે કોર ખીણ.. ખીણ.. ખીણ.. ઊંડી ખીણ. બાવળ ને અંદર કેવા વાઘ ને વરુ ને કેટલું અંદર ઊંડે હશે? ક્યાં જઈને ભરાણો હશે ને ત્યાં જઈને દેહ છૂટી ગયો હશે. થઈ રહ્યું, જાઓ! ઘોડો ને માણસ. આ ખાણ છે, બાપા! એમ આ મનુષ્યદેહમાં આત્માને ઓળખવાનો કાળ, ટાણું છે. એ બીજે ટાણા નથી. એ ટાણા જો ગયા તો ખીણમાં જાઈશ, ચોર્યાશીમાં પત્તો ખાય એવું નથી. આ ઉપાય એક છે. સમજાણું?

**'અનેકાંતના જ્ઞાનથી વિભૂષિત રહેવું કે પર્યાની અપેક્ષાએ હું કર્મ સહિત છું.'** અવસ્થાથી કર્મસહિત છું. અશુદ્ધતા છે, મારા ત્રિકાળમાં છે નહિ એવી દૃષ્ટિ રાખીને પોતાના આત્માની અંદર એકાકાર થાય. કહો, સમજાણું કાંઈ? એ ૭૫ ગાથા (થઈ). અરિહંતનો દાખલો આપ્યો છે. **'જે કોઈ અરિહંત ભગવાનને દ્રવ્ય, ગુણ, પર્યાયો દ્વારા યથાર્થ જાણે છે...'** પરમેશ્વર જે અરિ.. અરિ એટલે રાગ, દ્વેષ ને અજ્ઞાન દુશ્મન, એને જેણે હણ્યા એવા પરમાત્મા અરિ-હંત, એવા અરિહંતના દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ અને પર્યાય—અવસ્થા આવી નિર્મળ, એના ગુણો પરિપૂર્ણ નિર્મળ, એનો ધરનાર દ્રવ્ય નિર્મળ, એમ જે પરમાત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એ આત્માને જાણે અને એને સમ્યક્ (પ્રકારે) મોહનો નાશ થયા વિના રહે નહિ. સમ્યક્ પ્રકારે મોહને નાશ થઈ સમ્યક્ અનુભવ થયા વિના રહે નહિ. એ પ્રતીતનું જોર લાવવું ક્યાંથી? કરવું ક્યાંથી? ભસ્મ-બસ્મ ખાધે પ્રગટે કે નહિ? લો, આ ભસ્મ એમ કહે છે ને? ત્રાંબાની ભસ્મ, ધૂળની ભસ્મ. ધૂળેય નથી, સાંભળને! આ તો અંતરના બળની કળાની વાત છે. જે કળા અંદરથી જાગે ત્યારે પોતે માને એવું છે. એટલે અરિહંતનો દાખલો આપ્યો. ૭૬મી ગાથામાં ગુણની સંખ્યાની વાત કરશે. બે, ત્રણ ને ચાર દાખલો આપશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

***



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૧૫૧ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૧૬-૧-૧૯૮૩, પ્રવચન નં. ૫૫ (વિષય : માર્ગદર્શન)**

પ્રશ્ન :- તો પછી અમારે શાસ્ત્ર ભણવા કે નહીં?

સમાધાન :- આત્માના લક્ષે શાસ્ત્ર ભણવા તેમ પ્રવચનસારમાં કહ્યું છે કેમ કે શાસ્ત્રનું કહેવું એમ છે કે, ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત આનંદની મૂર્તિ છે, તેનું જ્ઞાન કરવું, અનુભવ કરવો. કરણાનુયોગ કે ચરણાનુયોગના ભણતરનો લાભ શું?—કે તે ચારેય અનુયોગ ભણવાનો ગુણ જે આત્માનો અનુભવ તે પ્રાપ્ત કરવો, તે શાસ્ત્ર ભણતરનો લાભ છે. એટલે કે આત્માનો અનુભવ કરવો તે શાસ્ત્રઅભ્યાસનું તાત્પર્ય છે. ૧૫૧.

'જેમ અરીસામાં ઘડો, વસ્ત્ર વગેરે દેખાય છે. ત્યાં જે દેખવું તે તો ઉપચાર દર્શન નથી.' દેખવું તે ઉપચાર દર્શન નથી, વાસ્તવિકતા છે. '**તેમ જ્ઞાન જ્ઞેયોને પ્રત્યક્ષ દેખે છે તે તો જૂઠું નથી. પરંતુ આટલું વિશેષ છે કે ઉપયોગ જ્ઞાનમાં સ્વપરપ્રકાશક શક્તિ છે.**' જે જ્ઞાનનો ઉપયોગ છે, ઉપયોગ જ્ઞાનમાં સ્વપરપ્રકાશક શક્તિ છે. '**તે પોતાના સ્વરૂપપ્રકાશનમાં નિશ્ચળ વ્યાપ્ય-વ્યાપક વડે લીન થયેલો અખંડ પ્રકાશ છે.**' શું કહે છે? પોતાના સ્વરૂપ પ્રકાશનમાં, જ્ઞાન પોતાના સ્વરૂપનું પ્રકાશન કરી રહ્યું છે તેમાં સદાય છે. જ્ઞાન જ્ઞાનપણે સદાય પ્રકાશમાન છે તેથી તેને નિશ્ચળ સ્વરૂપપ્રકાશન કહેવામાં આવે છે. કેમકે સ્વરૂપપ્રકાશનથી જ્ઞાન ક્યારેય ચલિત થતું નથી. એવા '**નિશ્ચળ વ્યાપ્ય-વ્યાપક વડે લીન થયેલો અખંડ પ્રકાશ છે.**' જ્ઞાન જ્ઞાનમાં વ્યાપ્ય-વ્યાપકપણે રહેલો અખંડ પ્રકાશ છે જેમાં ખંડિતપણું થતું નથી.

'**પરનુ પ્રકાશન છે પરંતુ વ્યાપકરૂપ એક્તા નથી.**' પર જ્ઞાનમાં પ્રતીબિંબિત થાય છે તોપણ પર જ્ઞાનમાં વ્યાપતું નથી, જ્ઞાન પરમાં વ્યાપતું નથી એમ કહે છે. '**અર્થાત્ પરને જાણતા જ્ઞાન પર સાથે એકમેક થતું નથી. છતાં જ્ઞાન પરને જાણે છે તે ઉપચાર સંજ્ઞા થઈ.**' ઉપચાર સંજ્ઞા કેમ થઈ? કે એક પદાર્થનું નિરપેક્ષ કથન કરવું જોઈએ તેના બદલે પર સાપેક્ષ કથન કરવામાં આવ્યું. જ્ઞાન જાણે છે તેમાં પરને જાણે છે એવું પર સાપેક્ષ એનું કથન થયું તેથી તેને ઉપચાર સંજ્ઞા થઈ. '**પણ એવું પરને જાણવારૂપ જે વસ્તુની શક્તિ તે ઉપચાર નથી.**' શું ખુલાસો છે? પરને જાણે છે કહેવું તે ઉપચરિત કથન છે પણ એવી જે પરને જાણવારૂપ શક્તિ તે ઉપચરિત નથી. તે ઉપચાર નથી, તે તો નિશ્ચય શક્તિ છે. '**એ વાત વિશેષ લખી છે.**' આપણે તો મુદ્દો એટલો હતો. એ તો સ્વપરપ્રકાશકનો વિષય છે. પછી એની ને એની ચર્ચા કરી છે. જેનો ખુલાસો છે. પણ

એ રીતે નિર્વિકલ્પ છે એમ કહેવું છે. આમ તો સર્વ ગુણો ગુણપણે નિર્વિકલ્પ છે. આત્માના સર્વ ગુણો ગુણોપણે નિર્વિકલ્પ છે. પણ જ્ઞાન તો અહીંયાં સ્વપરપ્રકાશક કહીને પણ નિર્વિકલ્પ કહી દીધું છે તો એ નિર્વિકલ્પ જ્ઞાનનું સ્વરૂપ છે. એટલે જ્ઞાનને સ્વરૂપે જોવું હોય, જ્ઞાનને સ્વભાવે જોવું હોય તો એને એના નિર્વિકલ્પ સ્વરૂપે અને નિર્વિકલ્પ સ્વભાવે જોવું જોઈએ. તો જ્ઞાનનું સ્વરૂપ કેવું છે એ જણાય છે. આપણે તો અહીં મુદ્દો એ ચાલે છે ને?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ મૂળ વિષય ચર્ચ્યો હતો. સ્વના જ્ઞાનમાં પરના અભાવરૂપ જ્ઞાન એમ નિર્વિકલ્પપણે પરનું જ્ઞાન આવી જાય છે. સ્વપરપ્રકાશક નિર્વિકલ્પ કેમ કહેવું? અહીંયાં તો એમ દેખાય છે કે જીવ પરનો વિકલ્પ કરે છે અને પરનું જ્ઞાન થાય છે. અમારો અનુભવ એમ કહે છે કે જીવ પરનો વિકલ્પ કરે છે અને પરનું જ્ઞાન થાય છે. કહે છે, એ પરનું જ્ઞાન તને પ્રયોજનભૂતપણે થતું નથી.

જો ચોરને ચોર તરીકે ન ઓળખે તો એ વ્યક્તિને જાણ્યાનું પ્રયોજન સર્યું નહિ. તો એ વ્યક્તિ ચોરી કરી જશે ત્યાં સુધી તને ખબર પડશે નહિ. ભલે એનો રૂપ રંગ બધી તને ખબર હોય. પણ ઘરમાં પેસી ગયેલા માણસનું મોઢું ન દેખાય અને માત્ર એના પગનો અંગુઠો દેખાય તોપણ ચોર છે એનું પ્રયોજનભૂત જ્ઞાન થઈ ગયું. પ્રયોજનને લાગે-વળગે છે ત્યાં સુધી શું છે કે પ્રયોજનના દૃષ્ટિકોણથી એનું જ્ઞાન થાય એટલું પર્યાપ્ત છે. અને એ જ્ઞાન એના નિર્વિકલ્પ સ્વરૂપમાં પણ પ્રયોજનભૂતપણે જ નવે તત્ત્વનું જ્ઞાન ભૂતાર્થ આશ્રિત આ રીતે થઈ જાય છે. નવે તત્ત્વનું જ્ઞાન ભૂતાર્થ આશ્રિત થવું તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. 'સમયસાર'ની ૧૩મી ગાથા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- રાગનું અને વિકલ્પનું મૂળ ભગવાને અજ્ઞાન કહ્યું છે. આગળ પ્રશ્ન કર્યો છે. આ બંધ અધિકારનો જ એ પ્રશ્ન છે કે આ આત્માને અંદર કોઈ રાગની ઈચ્છા અને વિકલ્પની કોઈ ખાણ પડી છે કે આ અંદરથી ઉખળ્યા જ કરે છે? છે શું ? આ એવી ક્યાં કઈ ખાણ છે કે જેમાંથી સતતપણે રાગ આવ્યા જ કરે છે? તો કહે છે કે અજ્ઞાન એની ખાણ છે, બીજી કોઈ નથી. પોતાનું જ રાગરહિત નિર્વિકલ્પ સ્વરૂપ છે એ સ્વરૂપના અજ્ઞાનને લઈને રાગ થયા જ કરે છે. કોઈ જીવને સ્વરૂપનું અજ્ઞાન ન ટળે ત્યાં સુધી રાગ બંધ થવાનો કોઈ પ્રકાર નથી, કોઈ ઉપાય નથી, કોઈ છેડો આવે એવું નથી એનો. આરો આવે એવું નથી, છેડો આવે એવું નથી. આ પરિસ્થિતિ છે.

આ પ્રશ્ન બહુ સરસ છે કે '**અમારે શાસ્ત્ર ભણવા કે નહીં?**' આ પ્રશ્ન ઉઠાવ્યો છે. તો કહે છે કે '**આત્માના લક્ષે શાસ્ત્ર ભણવા...**' એક વચનમાં એટલી ગંભીરતા છે કે, ભાઈ! તને આત્માના લક્ષે શાસ્ત્ર ભણવાની આજ્ઞા છે. જ્યાં સુધી તારી આત્મજ્ઞાન થવાની સ્થિતિ નથી થઈ ત્યાં સુધી તારે શું કરવું જોઈએ? કે આત્મલક્ષે શાસ્ત્રનું અધ્યયન કરવું જોઈએ. શાસ્ત્રનું અધ્યયન કરવું જોઈએ એમ ન છોડ્યું, સ્વાધ્યાય કરો એમ નહિ, આત્મલક્ષે કરવો જોઈએ. 'પ્રવચનસાર'નો આધાર આપ્યો છે.

'**પ્રવચનસારમાં કહ્યું છે કેમ કે...**' શાસ્ત્રમાં પણ એ વાત છે કે. એમ. પોતે કહે છે પણ શાસ્ત્રનો આધાર આપ્યો છે. '**શાસ્ત્રનું કહેવું એમ છે કે, ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત આનંદની મૂર્તિ છે, તેનું જ્ઞાન કરવું, અનુભવ કરવો.**' શું કહે છે? કે જે જ્ઞાનના લક્ષે સ્વલક્ષે આત્મા ઓળખાય અને જે આત્મતત્ત્વ, પરમાત્મતત્ત્વસ્વરૂપે ઓળખાણમાં આવે. પરમતત્ત્વ છે ને? એકલું એટલે પરમ અને પરમ એટલે એકલું. પરમ છે એ પણ એના શુદ્ધપણાનો વાચક છે. પરમ આત્મ એટલે પરમાત્મા.

જ્યારે આત્માનું મૂળ સ્વરૂપ, મૂળ સ્વરૂપ મૂળ સ્વરૂપ લે છે ને? આત્માનું મૂળ સ્વરૂપ. મૂળ સ્વરૂપ કહો

કે પરમાત્મા કહો. એ જ્યારે એને લક્ષમાં આવતા, ઓળખાણમાં આવતા એનો અનંત મહિમા ઉત્પન્ન થાય છે. અનંત મહિમાધારી હોવાથી એનો અનંત મહિમા (ઉત્પન્ન થાય છે). સ્વરૂપની ઓળખાણ થતાં સ્વરૂપના લક્ષે અનંત મહિમા ઉત્પન્ન થાય એ મહિમાવાળા પરિણામના વેગવંત પરિણામને પુરુષાર્થયુક્ત પરિણામ કહેવામાં આવે છે કે જેના સ્વરૂપ પ્રત્યયી વેગને રોકવા જગતમાં કોઈ સમર્થ નથી. કોઈ અનુકૂળતાઓ એને રોકી શકે એમ નથી અને કોઈ પ્રતિકૂળતાઓ પણ તેને રોકી શકે એમ નથી. જેને ભગવાનને ભાળ્યા અને ભગવાનને ઓળખ્યા, એ જ્ઞાનને ભગવાનથી દૂર રાખવામાં કોઈ સમર્થ છે નહિ.

વિશેષ વિષય એનો એ છે, આપણે થોડી ચર્ચા ચાલી કે એ પ્રત્યક્ષ સ્વરૂપ છે. પરિપૂર્ણ પ્રત્યક્ષ સ્વરૂપ છે. ભગવાન આત્મા સહજ જ્ઞાન, સહજ પ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનને ઓળખવું છે, આત્માને ઓળખવું છે એટલે સહજજ્ઞાન, શુદ્ધ જ્ઞાનને ઓળખવું છે કે જે પ્રત્યક્ષ સ્વરૂપ છે. જે પોતે પ્રત્યક્ષ છે એમાં એને પરોક્ષ રહેવાનું કઈ રીતે બને? પોતે જ પ્રત્યક્ષ સ્વરૂપે છે તો પોતે જ પોતાથી પરોક્ષ રહેવાનું કઈ રીતે બની શકે? કે કોઈ રીતે બની શકે એવું નથી. એટલે પ્રત્યક્ષ જ છું એવા પરિણમનમાં, એવા નિજ સ્વરૂપમય પરિણમનમાં પરોક્ષપણાનો અભાવ થઈ જાય છે, પરોક્ષપણું પરિણમનમાં ટકી શકતું નથી.

એમ '**આત્માના લક્ષે...**' એમ કહે છે. સ્વરૂપના લક્ષે '**શાસ્ત્ર ભણવા...**' આમાં હજી એક પ્રશ્ન છે. તમે ન ઉઠાવો તોપણ. મુમુક્ષુજીવો એમ કહે, ભાઈ! ઘણા વખતથી આ શાસ્ત્રો વાંચીએ છીએ અને એ શાસ્ત્ર વાંચવા માટે અમારે બીજું કોઈ પ્રયોજન નથી. અમારે તો આત્મા જ જોઈએ છે. આત્માનું જ્ઞાન કરવા માટે શાસ્ત્રનું ભણતર અમે હાથમાં લઈએ છીએ અને ઘણી અમારી ઈચ્છા છે. છતાં જે યથાર્થ પ્રકારે શાસ્ત્ર ભણતર... સ્વરૂપલક્ષ તો કરવું છે પણ થતું નથી એનું શું કરવું? આત્માના લક્ષે ભણવું છે પણ આત્માના લક્ષે નથી ભણાતું એનું શું કરવું? આ પ્રશ્ન થાય એવું છે. કહે છે કે, ભાઈ! આત્માના લક્ષે નથી થતું તો પરલક્ષે થાય છે એ વાત તો નક્કી છે ને? બે સિવાય ત્રીજું લક્ષ નથી. એક આત્મા, કાં સ્વલક્ષે અને કાં પરલક્ષે. જગતમાં સ્વ અને પર સિવાય ત્રીજું તો કાંઈ છે નહિ. તો પરલક્ષે થાય છે એનું કોઈ તેં અવલોકન કર્યું છે?

અનુભવનો માર્ગ અવલોકનથી શરૂ થાય છે. વિચાર વિકલ્પમાત્રથી નહિ. ભલે અવલોકનના કાળમાં વિચાર છે પણ એકલો વિચાર હોય અને અવલોકન ન હોય તો એ વિચારમાત્ર એ ધારણાજ્ઞાનનો, કોરી ધારણાજ્ઞાનનો, શુષ્કજ્ઞાનનો એક અયથાર્થ પ્રકારનો જ્ઞાનનો એક પ્રયત્ન થશે. શાસ્ત્રજ્ઞાનનો પ્રયત્ન એ એક માત્ર શુષ્ક અને ધારણાજ્ઞાનનો પ્રયત્ન થશે. જો સાથે અવલોકન હોય તો પરલક્ષે થાય છે. એટલો તો તને ખ્યાલ હોવો જોઈએ. અને એ પરલક્ષમાં શું તને પરલક્ષ છે એ પણ તને ખ્યાલ જવો જોઈએ. તો નુકસાનને કોઈ ચલાવવા માગે નહિ. કોઈ નુકસાનને ચલાવવા માગતું નથી. નુકસાન ચાલુ રહે એવું કોઈ ઈચ્છે? ભાઈ! મીણબત્તી અમથી અમથી સળગતી હોય તો ઓલવવી કે નહિ? કે એ અમથી સળગે છે એટલે કે નુકસાન જાય છે.

જે ઘીના ડબામાં ઘી ભર્યું હોય એ કાણું હોય અને ઘી ચાલ્યું જતું હોય (તો) એ જોઈ રહે? ઘી ઢોળાઈ જતું હોય એ કોઈ જોઈ રહે છે? ઘી ઢોળાય છે એમ કહે. મોંઘા ભાવનું ઘી છે. પાણી ઢોળાતું હોય ને તોપણ ન ચલાવે. ઘી ઢોળાય તો શું ચલાવે? પાણીનું મટકું ફૂટી ગયું હોય અને પાણી ચાલ્યું જતું હોય, ભલે ધીમું ધીમું જતું હોય, ધીમું ધીમું થોડુંક પાણી જાય એમાં વાંધો શું? પાણીની કિંમત શું છે? નુકસાન કોઈને ચલાવવું નથી. ખ્યાલમાં આવવું જોઈએ કે આ નુકસાન છે, બસ.

જ્ઞાન એક એવી ચીજ છે કે જો એ યથાર્થપણે પ્રવર્તે

છે તો એ નુક્સાનને બંધ કરે છે અને લાભને શરૂ કરે છે. અને એનું નામ જ્ઞાન છે. એમ ન થાય ત્યાં સુધી એ જ્ઞાન નથી પણ જ્ઞાનનો જ અજ્ઞાનપર્યાય છે. પર્યાયાંતરે પરિણમેલું જ્ઞાન એ જ્ઞાનનો જ અજ્ઞાનપર્યાય છે. એટલે એમ કહે છે...

ત્યાં તો બહુ સરસ છે, શાસ્ત્રમાં તો ઉપયોગ લક્ષણં દ્રવ્યં. જીવદ્રવ્ય છે તે ઉપયોગલક્ષણ છે એમ એને જ્ઞાનથી તો બતાવ્યું છે. હવે પોતે અવલોકનમાં તો લે કે આમાં જ્ઞાન એટલે શું? જ્ઞાન જ્ઞાનનું અવલોકન કરે તો એમાં એકલું જ્ઞાન શું? અને પરપદાર્થનું પ્રતિબિંબ પડતા અધ્યાસ શું? અધ્યાસ એટલે પર મારામાં આવે છે, રાગ મારામાં આવે છે. ખાટું, ખારું, તીખું, શીત, ઉષ્ણ મારામાં આવે છે એવો જે જ્ઞાનમાં બીજા પદાર્થ નહિ હોવા છતાં એની હયાતીનો સ્વીકાર એને અશુદ્ધ જ્ઞાન કહેવામાં આવે છે. એણે? જ્ઞાનની અશુદ્ધતા ઊભી કરી ત્યાં. જોકે જ્ઞાન અશુદ્ધ થઈ શકતું નથી, કરવું હોય તો પણ થઈ શકતું નથી. પણ અધ્યાસ થવાની સંભાવના છે. એને જ અશુદ્ધ જ્ઞાન કહેવામાં આવે છે અથવા ભ્રાંતિ કહેવામાં આવે છે. એમ સ્વરૂપ '**લક્ષે શાસ્ત્ર ભણવા તેમ પ્રવચનસારમાં કહ્યું છે...**'

લગની સરખી નથી. પૂજ્ય 'બહેનશ્રી' કહે છે ત્યાં સુધી આ વિષયને ટુ ધી પોઈન્ટ વિચારીએ તો જીવની લગની સરખી નથી. જો એને પોતાના સ્વરૂપપ્રાપ્તિની લગની હોય તો એને શાસ્ત્રમાં જે કહેવા ધારે છે આત્મા, અથવા જ્ઞાનીના વચનમાં જે આત્મા કહેવા ધારે છે જ્ઞાની એ એના વચન ઉપરથી એનું વાચ્ય પકડાયા વિના રહે નહિ. અને જ્યાં સુધી લગની ન હોય ત્યાં સુધી પોકારી પોકારીને કહે તોપણ એનું વાચ્ય એને પકડાય નહિ. કેમકે વાચ્ય પોતે છે. જે કાંઈ વચન પુદ્ગલ છે તે ભલે જ્ઞાનીના (છે), તે પુદ્ગલમાં તો કાંઈ આત્મા નથી. તે વચન પુદ્ગલમાં આત્મા નથી પણ એનું વાચ્ય એ પોતાનું નિજસ્વરૂપ છે. અને એ નિજસ્વરૂપ ઉપર લક્ષ જવું, એનું જ્ઞાન થવું, એનો અનુભવ થવો એમ એ કહેવા ધારે છે. તેથી એને નિમિત્ત–નૈમિત્તિક સંબંધે જોડ્યા છે. આટલી વાત છે. પણ ક્યારે? કે પોતે લક્ષ કરે ત્યારે. નહિતર નિમિત્તપણું લાગુ પડતું નથી. મુંઝવણ થાય કે કેમ થતું નથી? કેમ થતું નથી? પણ સરખી મુંઝવણ થાય તો રસ્તો નીકળ્યા વગર રહે નહિ.


અંતરના ઊંડાણમાંથી રુચિ અને લગની લાગવી જોઈએ, તે વિધિ બાકી રહી જાય છે. છ મહિનાની વાત આવે છે ને શાસ્ત્રમાં? 'સમયસાર'માં આવે છે કે છ મહિના તારા માટે બસ છે. ક્યા છ મહિના? કે જ્યારે આ જીવને ખરી તાલાવેલી લાગે ત્યારે છ મહિના. નહિતર એકેય છ મહિના એને માટે છે નહિ.

'બહેનશ્રી'એ આ સ્પષ્ટ કર્યું છે કે તને તારી લગની જ અંદરમાં માર્ગ કરી દેશે. તને અંદરમાં માર્ગ નથી સૂઝતો ને? શું કરવું? કે નથી સૂઝતો તો એનું તને કાંઈક દુઃખ હોવું જોઈએ ને? અથવા વર્તમાન દુઃખની સ્થિતિમાં છો તેથી સુખ શોધે છે ને? તો એ દુઃખ તને કેટલું લાગે છે? જો તને એ દુઃખ સહન થઈ શકે એવું લાગે છે તો તો તું એમને એમ સહન કરી શકીશ. પણ તને તે સહન ન થાય એવું લાગે, અસહ્ય લાગે તે દિ' તું એમાંથી નીકળવાનો પ્રયાસ કર્યા વિના રહીશ નહિ. એ અંદરથી માર્ગ કરી દે છે એમ કહે છે. એટલે એને આત્માના લક્ષે કહ્યું છે. એવી જે સ્વરૂપ લગની, આત્મપ્રાપ્તિની જે લગની છે એને જ આત્માનું લક્ષ કહ્યું છે. એવા લક્ષે જો એ શાસ્ત્ર ભણે, તો એમાં જે શુદ્ધાત્મા બતાવે છે એ એને વાચ્ય સમજાયા વિના રહે નહિ, સમજાયા વિના રહે નહિ.

*(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં)*

***

**પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા**
**મંગલ વાણી-સીડી-૫ C**



પ્રશ્ન :- માતાજી! એક બીજો પ્રશ્ન છે. એક-બે દિવસ પહેલા આપણી ચર્ચા થોડી થઈ હતી પણ પૂરું સમાધાન થયું નહોતું. સવિકલ્પ નિર્ણયનું યથાર્થ સ્વરૂપ શું છે? એનું સમ્યગ્દર્શનમાં કારણપણું કેટલું છે, એની મર્યાદા કેટલી?

ઉત્તર :- સવિકલ્પમાં?

પ્રશ્ન :- સવિકલ્પ યથાર્થ નિર્ણય એનું સ્વરૂપ શું છે? અને એનું સમ્યગ્દર્શન પામવામાં એનું કારણપણું કેટલું? અને એ મહિમા કરવાયોગ્ય હોય તો કેવા પ્રકારે?

ઉત્તર :- સવિકલ્પ નિર્ણયમાં કારણપણું કેટલું સમ્યગ્દર્શનનું? અને એની મહિમા કોની? સવિકલ્પની નિર્ણયની? કોની? એનું કારણપણું એટલું કે જો યથાર્થ કારણ હોય તો એમાં નિર્વિકલ્પદશા પ્રગટવાનું કારણ થાય છે, એ મહિમા. બાકી હજી એના વેદનમાં કે એની કોઈ ધારામાં હજી ફેરફાર થયો નથી. બાકી એનો એવો જો નિર્ણય યથાર્થ હોય તો એને એ સવિકલ્પમાંથી નિર્વિકલ્પ દશા અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ થવાનું કારણ બને છે, જો યથાર્થ કારણ હોય તો. સવિકલ્પ-વિકલ્પથી કરેલો નિર્ણય પણ સ્વભાવને ઓળખીને કે આ મારો સ્વભાવ છે અને આ વિભાવ છે. એને સ્વભાવને પોતે મૂળ વસ્તુમાંથી ઓળખે કે આ જે જ્ઞાયક છે એક ગુણ ગ્રહણ નહિ કરતા ગુણીને ગ્રહણ કરે અને એવી રીતે યથાર્થ નિર્ણય કરે કે આ જે વસ્તુ અસ્તિત્વ છે તે જ હું. એ સિવાયનું જે બીજી જે પર્યાયો, વિભાવપર્યાયો થાય તે મારું સ્વરૂપ નથી. જે અંતરમાંથી શુદ્ધ પર્યાય પ્રગટે એ શુદ્ધ પર્યાય એ દ્રવ્ય-ગુણની જાતની પર્યાય હોય. આ વિભાવપર્યાય મારું સ્વરૂપ નથી. યથાર્થ નિર્ણય દ્રવ્ય-ગુણ-પર્યાયનો બરાબર કરે તો એ નિર્વિકલ્પ દશા થવાનું કારણ થાય છે. પણ એમાંથી એને ભેદજ્ઞાનની ધારા પ્રગટે તો નિર્વિકલ્પ દશા થાય.

પ્રશ્ન :- 'મોક્ષમાર્ગપ્રકાશક'માં તારો પુરુષાર્થ તો એમ કે તત્ત્વનો નિર્ણય કરવો એટલો જ તારો પુરુષાર્થ છે. તત્ત્વનો નિર્ણય એટલે યથાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપમાં હું જ્ઞાયક જ છું એવો સવિકલ્પાત્મક નિર્ણય. તો ત્યાં જે વજન આપ્યું એટલું કે તું તત્ત્વનો નિર્ણય, તારે તો બુદ્ધિપૂર્વક કાંઈપણ કરવાનો હોય તો એ તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવો તે છે. ત્યાં એમ કહ્યું. કાલે 'ગુરુદેવ'ના પ્રવચનમાં પણ એ વાત આવી કે એક જણે અનુભવીને આત્માને જાણ્યો છે અને એક જણે આત્માને અનુભવ એટલે કે વેદન નથી થયું પણ છતાં શાસ્ત્ર દ્વારા એ રીતે સમજીને આત્માને જાણીને નિર્ણય કર્યો છે, તો એની કોઈ કિંમત ઓછી નથી. તો ત્યાં આગળ શું વિશેષતા કહેવા માગે છે એ મારે આપને પૂછવું હતું.

ઉત્તર :- એ એનું કારણ બને છે માટે કિંમત ઓછી નથી. કારણમાં .. કરીને એ કાંઈ એની કિંમત ઓછી નથી. કારણમાં જો અવશ્ય કાર્ય આવે એવું કારણ હોય તો એની કિંમત ઓછી નથી. કારણ કોઈ જુદું પ્રગટ્યું છે, એ કોઈ અપૂર્વ કારણ પ્રગટ્યું છે કે જેની પાછળ અવશ્ય કાર્ય આવવાનું

છે. માટે એની કિંમત ઓછી નથી. કારણ કે એ કારણ પ્રગટ્યા વગર કાર્ય આવતું નથી. કારણ કોઈને પ્રગટે અને એ કારણ લાંબો ટાઈમ ચાલે અને એ કાર્ય આવતા વાર લાગે તોપણ એ કારણ એવું અપૂર્વ પ્રગટ્યું છે કે જેની પાછળ કાર્ય આવ્યા વગર રહેતું નથી. માટે એને કારણનો આરોપ કરીને એ કારણ પણ કોઈ અપૂર્વ કારણ છે. કાર્યમાં કારણનો આરોપ ખરો પણ એ કારણ જ અપૂર્વ છે કે જેની પાછળ કાર્ય આવવાનું જ છે. એ તત્ત્વનો નિર્ણય એવો છે કે એ તત્ત્વના નિર્ણયમાં આગળ પુરુષાર્થ કરવાનો છે. અને ભેદજ્ઞાન અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ એ બરાબર યથાર્થપણે કરીને આગળ જવાનો છે માટે એની કિંમત પણ કાંઈ ઓછી નથી. કારણ કે એ મુક્તિને માર્ગે અવશ્ય એને પરિણમન ધારા પ્રગટ થવાની જ છે એમ કહેવા માગે છે.

પ્રશ્ન :- એટલે કે કારણ યથાર્થ એણે સેવ્યું છે. બીજા કોઈ કારણો ભક્તિ કરે, અમુક બીજું કરે એના કરતા જે આ નિર્ણય સુધી આવ્યો છે એને કાર્ય સમ્યગ્દર્શનરૂપી કાર્ય પ્રગટ થવાનું યથાર્થ કારણ અંદરમાં એણે રોપ્યું છે.

ઉત્તર :- હા, યથાર્થ કારણ રોપ્યું છે. ભક્તિ છે તે સીધું કારણ થતું નથી. સીધું કારણ તત્ત્વ નિર્ણય એ મુખ્ય કારણ બને છે. ભક્તિ વચ્ચે આવ્યા વગર રહેતી નથી. એને મહિમા આવે. જેમ આત્માની મહિમા આવવી જોઈએ. જેણે એવી દશા પ્રગટ કરી એવા ગુરુની, દેવની એને મહિમા આવવી જોઈએ. જો અંદર મહિમા ન હોય, જો બહારથી જેણે એવું આત્માનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું એની મહિમા ન હોય તો એને ખરેખર આત્માની પણ મહિમા નથી. જેને આત્માની મહિમા આવે એને ગુરુની મહિમા આવે અને ગુરુની મહિમા જો યથાર્થ આવે તો આત્માની મહિમા આવ્યા વગર રહેતી નથી. એ મહિમા અંદર આવ્યા વગર એ આગળ જઈ શકતો નથી. પણ એકલી મહિમા હોય અને કાંઈ સમજે નહિ તોપણ જઈ શકતો નથી. એટલે તત્ત્વ નિર્ણય કરે તો એ આગળ જાય છે. એટલે તત્ત્વ નિર્ણય એનું મુખ્ય કારણ બને છે.

તત્ત્વ નિર્ણય એકલો લુખ્ખો કરે અને સમજવા ખાતર સમજી જાય તો એ સાચું કારણ નથી. એને અંદર લુખો નિર્ણય ન હોય. એને મહિમા હોય વસ્તુની. ઓહો..! આત્મા આવો પદાર્થ છે. આવું આશ્ચર્યકારી તત્ત્વ મને કેમ પ્રગટ થાય? એવી આત્માના આશ્ચર્ય અને અનુપમ સ્વરૂપની મહિમા આવે એને ગુરુની મહિમા આવ્યા વગર રહેતી જ નથી. એવી રીતે એને સંબંધ છે. બાકી તત્ત્વ નિર્ણય એને મુખ્ય કારણ થાય છે. એના ભેગું તત્ત્વ નિર્ણયની સાથે અમુક જાતનો એને વૈરાગ્ય પણ હોય છે. એને આ રાગ ને વિભાવ ને એના ઉપરથી એને વિરક્તિ થઈ જાય. આ કાંઈ જોઈતું નથી, આમાં ક્યાંય રસ નથી. એક આત્મા જ સર્વસ્વ છે, આત્મા જ સારભૂત છે. એને અંદરથી નિરસતા આવી જાય છે. અંતરમાં એ પણ હોય. મહિમા હોય, વૈરાગ્ય હોય અને તત્ત્વ નિર્ણય હોય, બધું ભેગું હોય તો આવે. એમાં તત્ત્વ નિર્ણય મુખ્ય ખરો પણ એ બધી રીતે તત્ત્વ નિર્ણય મહિમાવાળો અને વિરક્તિવાળો એવો...

*(તત્ત્વ ચર્ચાનો શેષ અંશ પૃષ્ઠ-૧૯ ઉપર)*

## પુરુષાર્થમૂર્તિ પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાની સંબંધિત ધર્માત્માઓના હૃદયોદ્ગાર

'ચક્રવર્તી છ ખંડને નથી સાધતા, અખંડને સાધે છે.' 'સોગાની'માં ('દ્રવ્યષ્ટિ પ્રકાશ'માં) છે ને? (શ્રી 'નિહાલચંદ્રજી સોગાની') સમકિત અહીં ('સોનગઢ'માં) પામ્યાં હતાં. અહીં અમારી પાસે આવ્યાં. અન્યનો-બાવાનો બધાંનો અભ્યાસ ઘણો કર્યો. શાસ્ત્રનો અભ્યાસ કરતાં કરતાં પણ ક્યાંય પત્તો ન લાગ્યો, તો અહીંયાં આવ્યાં. આવ્યા તો (મેં) એટલું કહ્યું ભાઈ! આ વિકલ્પ જે દયા-દાન આદિના ઉઠે છે તેનાથી પ્રભુ તો અંદર ભિન્ન છે. આહા...હા...! 'સોગાની!' તેમનું 'દ્રવ્યષ્ટિ પ્રકાશ'! ...એ ઓરડામાં, અહીં રસોડામાં (સમિતિના ઓરડામાં) આત્મધ્યાનમાં સમકિત થયું. (મેં) એટલું કહ્યું કે : 'રાગથી ભિન્ન પ્રભુ અંદર છે.' તો આખી રાત-સાંજથી સવાર સુધી ધ્યાન લગાવ્યું. રાગથી ભિન્ન, રાગથી-વિકલ્પથી ભિન્ન કરતાં કરતાં સવાર પડ્યાં પહેલાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન લઈને ઉઠ્યા! ઘણી શક્તિ હતી... ઘણી! આખરમાં શાંતિથી દેહ છોડીને સ્વર્ગમાં ચાલ્યાં ગયાં. (—પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી)

(શ્રી 'સમયસાર' શ્લોક૩૨૦, તા. ૩૦-૦૭-૭૯, 'પ્રવચન નવનીત' ભાગ-૧, પાનું-૨૩૦)

***

જેને તત્ત્વ સમજવાની જિજ્ઞાસા થઈ છે તે જીવ માર્ગ ગોતવાનો છે, પણ જેને જિજ્ઞાસા નથી તે માર્ગ શોધવાનો નથી. જેને વેદન થતું હોય તેને માર્ગ મળવાનો છે. પણ જે આકુળ-વ્યાકુળ થતો હોય તેણે બધે પડખેથી સમજવું પડે. 'નિહાલભાઈ'એ તો પોતાની ધૂનની વાત કહી છે. તેમાં દ્રવ્યદષ્ટિનું બળ આવે છે. પોતાને કોઈ બીજો પ્રસંગ ન હોય, તેથી પોતાનું ઘોલન હોય તે આવ્યું છે. તેમની વાત ઠેઠ સુધીની છે. અમારે તો બધા પૂછે કે કેમ કરવું, શું કરવું તેનો જવાબ આપીએ.

(—પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન)

***

'નિહાલભાઈ'ની કથન શૈલીની ભાષા કડક હોય પણ વસ્તુસ્થિતિ તો બરાબર કહી છે. તેઓ કેવા દેખાતા, કોઈનો ખાસ પરિચય નહિ, બોલવાનું ઓછું તેથી બીજાને બહારથી ખ્યાલ ન આવે. તેમની અંતરની પરિણતિ જુદી હતી. જીવના અંતરના પરિણામ બહારથી કળી શકાતા નથી. તેઓએ વસ્તુસ્થિતિ સત્ય કહી છે. માર્ગ સત્ય કીધો છે તે ગ્રહણ કરવો જોઈએ.

'દ્રવ્યષ્ટિ પ્રકાશ'માં કહ્યું છે ને... 'પર્યાય મારું ધ્યાન કરે તો કરો, મૈં કિસકા ધ્યાન કરું' આ બરાબર કહ્યું છે. દ્રવ્યને ક્યાં ધ્યાન કરવાનું છે? વાસ્તવિક સ્થિતિ તો વસ્તુની એમ છે, જેમ છે તેમ કહે છે. કોઈને ભાષા કડક લાગે તો શું થાય? અંતરની પરિણતિ જુદી જ હતી.

(—પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન)

***

...શાસ્ત્રના આધારે કોઈ વિદ્વાન આત્માની વાત કરે તો એમાં આત્મરસ ભળતો નથી, જ્યારે જ્ઞાની ભલે વિદ્વાન ન હોય, એનામાં વિદ્વતા ન હોય છતાં ચૈતન્યની વાત કરે ત્યારે એમાં એમનો આત્મરસ

ભળે છે. આપણે એક વાત થઈ હતી.

'મૈં હી મૈં હૂં' 'સોગાનીજી'ની ચર્ચા ચાલતી ત્યારે કોઈવાર એ બહુ ટૂંકામાં વાત કરવી હોય ત્યારે એમ કહેતાં કે, 'મૈં હી મૈં હૂં.' હું જે છું તે મારામાં બરાબર છું. એમ પોતાની હસ્તીની દઢતાની વાત, શબ્દો તો સાવ ટૂંકા છે, પણ ભાવમાં એનો જે રસ છે એ રસ એવો કે, એમાં એ શું કહેવા માગે છે એને જો બરાબર લક્ષથી સાંભળે તો અંદરથી ઊછાળો આવે કે, શું કહે છે આ! એવી અંદર બહુ મજબૂત સ્થિતિ હતી. ઘણા પુરુષાર્થથી અંદરની સ્થિતિ મજબૂત કરી છે!! એકાવતારી છે. અહીંથી દેવલોકમાં ગયા છે, (ત્યાંથી પછી) મનુષ્ય થશે એ ચરમશરીરી મનુષ્ય થશે. છેલ્લો ભવ! ચારિત્રમાં આવીને અલ્પકાળમાં પરિપૂર્ણ દશાને પ્રાપ્ત કરશે. એવી સ્થિતિ છે.

એ કોઈવાર ચર્ચામાં એટલી જ વાત કરે કે, 'મૈં હી મૈં હૂં.' બસ! આથી વધારે નહિ. અને એનો રસ જુઓ, એનું અંદરનું ઠરવાપણું જુઓ તો એ વિદ્વાનના લાંબા-લાંબા ભાષણ એની પાસે કૂચા છે. વિદ્વાનોના લાંબા-લાંબા ભાષણ એની પાસે કૂચા જેવા લાગે. એવું એ રસવાળું વચન છે!! એવો જો એને રસ પડે, પોતાના સ્વરૂપનો રસ લાગેલો હોય, સ્વરૂપપ્રાપ્તિનો રસ લાગેલો હોય તો આત્મરસથી નીકળતાં એવાં વચનો સાંભળતાં, વાંચતા એને અંદરમાં સંસ્કાર પડે છે—છાપ પડે છે. રસ છે ને! મહોર પડી જાય. આ લાગે છે ને? રાજની મહોર લાગે છેને? (અહીંયાં) અંદરમાં મહોર લાગી જાય છે. સંસ્કાર છે એ, જેમ સમ્યગ્દર્શન બહુ મોટી વાત છે, એમ આત્મામાં સંસ્કાર પડવા એ પણ બહુ મોટી વાત છે ! —પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

('પરમાગમસાર' બોલ-૧૬૦, તા. ૨૪-૧-૮૩ના પ્રવચનમાંથી, ૩૫:૦૦ મિનિટે)

***

'**યહ (ભવ) તો મુસાફિરી હૈ. અબ તો આખિરી મુસાફિરી હૈ...**' ઠીક!

મુમુક્ષુ :- કેટલી દઢતા હતી!!

પૂજ્ય ભાઈશ્રી :- બહુ જ દઢતા હતી. બહુ દઢતા શું (કહેવી, અરે!) આવા જે એકાવતારી પુરુષ હોય તેમનો પુરુષાર્થ એવો હોય છે કે આ જ ભવમાં હું તો મારું કામ પૂરું કરી લઉં. બીજો ભવ જ શા માટે? એનું કારણ છે કે, જ્યારે મારા સ્વરૂપમાં મારી એકાગ્રતા થાય છે, થઈ શકે છે, અને એ સ્વવશ પરિણામ છે, પરવશ પરિણામ નથી, સ્વાધીન પરિણામ છે, તો પછી હું શા માટે પૂર્ણ રીતે સ્થિર ન રહી શકું? (માટે) તેમનો પ્રયાસ તો પૂર્ણ થવાનો જ રહે છે. પૂર્ણતાની ભાવના તો શરૂઆતથી જ છે અને પુરુષાર્થ પણ એવો જ ચાલે છે. તેમ છતાં વસ્તુ વ્યવસ્થા તો મટતી નથી કે બદલતી નથી. તેથી (પુરુષાર્થની) થોડી ક્ષતિ રહી જતાં એક ભવ વચ્ચે દેવલોકનો થઈ જાય છે. એટલી વાત છે. પરંતુ પુરુષાર્થ એટલો જોરથી ચાલે છે કે તે પૂર્ણતાની તૈયારીમાં આવે છે. છતાં પણ એક ભવ રહી જાય તો તેની કોઈ ગણતરી ન કરવી જોઈએ.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીએ તો એકભવતારીપણું માન્ય કર્યુ પરંતુ એમણે પોતે પણ આ વચનામૃતમાં ઘોષણા કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઠીક છે. સાચી વાત છે. (—પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)

(ગુરુ ગિરા ગૌરવ—પાના નં.૮૫)



## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’માંથી દષ્ટિનું પરિણમન અને દષ્ટિનો વિષય સંબંધિત વચનામૃતો

સાધકબાધક તો બધું પર્યાયનું જ્ઞાન કરવા માટે છે. વળી સબળાઈ (અનંતવીર્યનાપિંડરૂપ)નાં ચશ્માં લગાવ્યા વિના નબળાઈનું પણ (યથાર્થ) જ્ઞાન થતું નથી. સાધકપણું-બાધકપણું પર્યાયની વાત છે. અમને તો સાધકપણાબાધકપણાની પણ દરકાર નથી, કેમ કે બાધકપણું (ત્રિકાળીને) નુકશાન કરી શકતું નથી અને સાધકપણું ત્રિકાળીને લાભ કરી શકતું નથી. પછી તેની દરકાર શા માટે? (૨૦૭)

***

પર્યાયમાત્રની ગૌણતા કરો. અનુભવ થયો, ન થયો તે ન દેખો. ‘ત્રિકાળી વસ્તુ જ હું છું,’ પર્યાયમાત્રને ગૌણ કરીને આ તરફનો (અંતરસ્વરૂપનો) પ્રયાસ કરો. અભિપ્રાયમાં એકવાર બધાથી છૂટી જાઓ. (૨૨૮)

***

ધ્રુવતત્ત્વ પર પગ (દષ્ટિ) રાખો... તો પર્યાયમાં બધું કાર્ય સહજ જ થશે. (૨૩૦)

***

અહીં (ત્રિકાળીમાં) અહંપણું થતાં મોક્ષ આપોઆપ થઈ જાય છે. દ્રષ્ટિ અહીં અભેદ થઈ તો તે જ મુક્તિ સમજી લ્યો. (૨૩૭)


***

(વિકલ્પાત્મક) કૃત્રિમ પુરુષાર્થની તો વાત જ શું ? પરંતુ અક્રિય (ચિંદ્‌બિંબની) દષ્ટિમાં તો સહજ પુરુષાર્થની પણ ગૌણતા છે. કારણ કે તે પણ ક્રિયા (એક સમયની પર્યાય) છે. અને અક્રિય (સ્વરૂપ) દષ્ટિમાં ક્રિયામાત્રની ગૌણતા છે. (૨૪૦)

***

વસ્તુ અને વસ્તુમાં એકાગ્રતા(ખેંચાણ) બસ, આ જ બે વાત છે. એકાગ્રતા થતાં થતાં મુક્તિ થઈ જાય છે. (તેના સિવાય) સાંભળવું, તત્ત્વચર્ચા કરવી તે બધુંય વિષય-સેવન છે. (કારણ કે બહિર્મુખ ભાવ છે) પોતાના વિષયને છોડીને તેને વિષય બનાવે છે તો પોતાનો વિષય પડ્યો રહે છે. (૨૪૭)

***




**પત્રાંક ૨૧૬**

ૐ

'સત્'

આ જે કંઈ જોઈએ છીએ, જે કંઈ જોઈ શકાય તેવું છે; જે કંઈ સાંભળીએ છીએ, જે કંઈ સાંભળી શકાય તેવું છે, તે સર્વ એક સત્ જ છે.

જે કંઈ છે તે સત્ જ છે. અન્ય નહીં.

તે સત્ એક જ પ્રકારનું હોવાને યોગ્ય છે.

તે જ સત્ જગતરૂપે બહુ પ્રકારનું થયું છે; પણ તેથી તે કંઈ સ્વરૂપથી ચ્યુત થયું નથી. સ્વરૂપમાં જ તે એકાકી છતાં અનેકાકી હોઈ શકવાને સમર્થ છે. એક સુવર્ણ, કુંડલ, કડાં, સાંકળાં અને બાજુબંધાદિક અનેક પ્રકારે હોય તેથી તેમાંથી કંઈ સુવર્ણપણું ઘટતું નથી. પર્યાયાંતર ભાસે છે. અને તે તેની સત્તા છે. તેમ આ સમસ્ત વિશ્વ તે 'સત્'નું પર્યાયાંતર છે, પણ 'સત્'રૂપ જ છે.

***

*(પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા...)*

પ્રશ્ન :- ભક્તિપૂર્વકનો.

ઉત્તર :- હા. ભક્તિપૂર્વકનો આવી જાતનો હોય.

પ્રશ્ન :- મુખ્ય ભલે તત્ત્વનિર્ણય રહ્યો પણ એની સાથે આ બધું હોય.

ઉત્તર :- હા. આ બધું હોય. નહિતર નિર્ણય લુખો થઈ જાય. એમ. તો એ સાચું કારણ થાતું નથી.

પ્રશ્ન :- બહુ સુંદર માતાજી જવાબ આપ્યો. કાર્યનું કારણ આપીને એની જેટલી અગત્યતા છે એટલી અગત્યતા પણ આપે સમજાવી અને એની સાથે ભક્તિ, વૈરાગ્ય એ બધું પણ સાથે હોય ત્યારે જ આ નિર્ણયમાં લુખાશ નહિ આવી જાય. નહિતર લુખાશ આવી જશે.

ઉત્તર :- લુખાશ આવી જાય. ભક્તિમાં ભલે બહારના કાર્ય ન દેખાય, બોલે નહિ, કોઈ કાર્યોમાં જોડાય જ એવો નિયમ નથી પણ એનો નિષેધ અંદરથી ન આવે. કેટલું જોડાય એ એની પોતાની ભાવના ઉપર છે. બાકી એનો નિષેધ ન હોય. બધું એને સાથે હોય છે.

પ્રશ્ન :- મુખ્ય વાત (કે) નિષેધ ન હોય એને.

ઉત્તર :- નિષેધ ન હોય.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (મે-૨૦૨૦)નું શુલ્ક શ્રીમતી મીતાબહેન શૈલેષભાઈ દેસાઈ મુમુક્ષુ પરિવાર, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**